Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪

★ સત્યાચરણ ★ સિધ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

o સજીવખેતી o ગૌમહાત્મય o પર્યાવરણ o ગ્રામોત્થાન o સ્વાવલંબન o આરોગ્ય

★ વર્ષ ૮૯ ★ સંવત. ૨૦૭૮ ★ ફાગણ વદ ૮ ★ તા. ૧૫/૩/૨૦૨૩, ★ અંક ૮ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૨૦/૩/૨૦૨૩ ★ RNI No. 1886/57

### શ્રી નરનારાયણ દેવની સ્થાપનાના દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે જોવા મળનાર અનેક આકર્ષણો

# કચ્છની દેશી કાંકરેજ ગાયને કેન્દ્ર માં રાખીને 'ગો મહિમા દર્શન' ના નામે તૈયાર થઈ રહ્યું છે એક અનોખું અને વિશાળ પ્રદર્શન



સ્વામિનારાયણ મંદિર ભુજમાં બિરાજતા શ્રી નરનારાયણ દેવની સ્થાપના ને થતાં ૨૦૦ વર્ષના દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે નિર્માણ થઇ રહેલ 'બદ્રિકાશ્રમ' ખાતે ૧૮ થી ૨૬ એપ્રિલ સુધી થનાર મહોત્સવ માં જોવા મળનાર અનેક આકર્ષણો સાથે લગભગ અઢી એકર જમીનમાં સંપૂર્ણ ગાય માતાને સમર્પિત 'ગો મહિમા દર્શન' ના નામે એક વિશાળ પ્રદર્શન આકાર લઈ રહ્યું છે.

કચ્છની કાંકરેજ ગાય અને દેશી ગોવંશને સમાજ માં પુનઃ માનભર્યું સ્થાન મળે એવા એકમાત્ર ઉદ્દેશ્ય સાથે ભુજ મંદિરના પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશિર્વાદ તથા સૌ સંતો અને ટ્રસ્ટી મંડળ ના સહયોગથી ચાલતાં ગાય આધારિત ખેતી અભિયાન-કચ્છ ના મુખ્ય માર્ગદર્શક શાસ્ત્રી શ્રી દેવચરણદાસજી સ્વામી અને તેમની અનુભવી ટીમના સીધા દીશા નિર્દેશથી તૈયાર થતાં આ પ્રદર્શનની વિશેષતાઓ

**આબેહૂબ દેખાતી કાંકરેજ ગાયની વિશાળ પ્રતિમાઓ સાથેનો પ્રવેશદ્વાર**

ત્રણ વિશાળ વાતાનુકૂલિત ડોમમાં અંદરના ભાગે સાચી ગાયો, વિશાળ સાચી ખેતી, સાચો ખેડુત પરિવાર, સાચી ગૌશાળા, સાચાં ઝુંપડા ગાયના દુધનું દોહન કરતો ગોપાલક પરિવાર, ભારતના વિવિધ પ્રદેશની દેશી ગાયોની ઓળખ, દેશી ગાય અને જર્શી પશુ વચ્ચેનો હૃદય સ્પર્શી સંવાદ, વિશાળ વાતાનુકૂલિત થીયેટર માં ગાયની આત્મકથાનું ચલચિત્ર (ફિલ્મ), ગાય સાથે જોડાયેલ વીરતાનો ઇતિહાસ દર્શાવતો કઠપૂતળી ખેલ (પપેટ શો), ગાય આધારિત ઉત્પાદન નું પ્રશિક્ષણ અને વેચાણ કેન્દ્ર અને છેલ્લે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગાયના દુધના દહીં થી બનેલ સંપૂર્ણ પ્રાકૃતિક, સ્વાદિષ્ટ અને લાઇવ 'ગો અમૃત લસ્સી' સૌનાં હૃદયને ટાઢક આપશે.
સંપૂર્ણ પ્રદર્શનની ખાસ વિશેષતા માં ૬૦ હજાર ચો. ફુટ કંતાનની દિવાલો અને ફ્લોર નું પવિત્ર ગોબરથી લીપણ થશે અને અંદરના સુશોભન માં અત્યાર સુધી ક્યાંય ન બની હોય એટલી મોટી માત્રામાં હાથેથી બનાવાયેલ ગોબરની રંગબેરંગી વિવિધ વસ્તુઓ થી સંપૂર્ણ સુશોભન કરવામાં આવશે. ગાયને સમર્પિત દેશની અનેક સંસ્થાઓ અને નિષ્ણાંતોની પ્રત્યક્ષ મુલાકાત સાથે સેવાભાવી સત્સંગી ભાઇઓ બહેનો અને ગાય સમર્પિત કાર્યકર્તાઓ ની રાત દિવસની અથાગ મહેનત થી છેલ્લા એક મહિનાથી તૈયાર થતાં આ પ્રદર્શનમાં અત્યાર સુધી ક્યાંય ન જોયું કે જાણ્યું ન હોય તેવી માહિતી મળશે.

સંભવત તા ૩૦ના રામનવમીના પવિત્ર દિવસે પ્રદર્શન ખુલ્લું મુકવાનું આયોજન છે.

## બસ્સો બહેનોની બે મહિના ની મહેનતે બનેલ ગોબર ક્રાફ્ટ થી ગવાશે ગાયમાતાના ગુણગાન

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજિત નરનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે મિરઝાપરની બાજુમાં વિશાળ 'બદ્રિકાશ્રમ' પરિસરમાં 'ગો મહીમા દર્શન' ના નામે દેશી ગાયને સમર્પિત મોટું પ્રદર્શન તૈયાર થઇ રહ્યું છે.

આ પ્રદર્શન ની સજાવટ માટે સુખપરના નરનારાયણ નગર સ્વામિનારાયણ મંદિરના મહંત રતનબાઇ આદી સાંખ્યયોગી (સાધ્વી) બહેનો ના માર્ગદર્શન માં ૨૦૦ થી વધુ સેવાભાવી હરિભક્ત બહેનોની સળંગ બે મહિનાની સેવા દ્વારા અત્યાર સુધી ક્યાંય ન બન્યું હોય એટલી મોટી માત્રામાં દેશી ગાયના ગોબરથી અવનવા રંગબેરંગી શણગાર બનાવવામાં આવેલ છે.

કરોડોના ખર્ચે થતા મોટા મોટા કાર્યક્રમોમાં સજાવટનું કામ સંભાળનાર વ્યવસાયીકોને પણ લલચાવી શકે એવાં મહામહેનતે તૈયાર થયેલ આ ગોબર ક્રાફ્ટ ને બનાવવાનો હેતુ પુછતાં જાણવા મળ્યું કે આમાં લેશમાત્ર આર્થિક લાભ નહીં પણ ભક્તિ અને શ્રદ્ધા નો ભાવ જોડાયો છે. તથા લોકો પવિત્ર ગોબર પ્રત્યે સુગ છોડીને પોતાના ઘર માટે પણ જાતે આવી વસ્તુઓ બનાવે અને ફરીથી હર ઘર ગાય, ઘરઘર ગાયનું સુત્ર સાકાર થાય એવો એક માત્ર ઉદ્દેશ રહેલો છે.

બે હજાર જેટલાં વિવિધ પ્રકારના તોરણ અને વોલપીસ બનાવવા માટે દોઢ લાખ જેટલા





ગોબર દડા (બોલ) સાથે મોર, પોપટ, ઓમ, ગણપતિ, સ્વસ્તિક, શંખ, ફુલ, કળશ, પાંદડાં અને ઘંટડી વગેરેના મોલ્ડ, સંસ્કૃતના શ્લોક સાથે નાં લખાણના વોલપીસ, ભગવાનના વિવિધ ચિત્રો, આભલા અને રેશમના ફુમતાં લગાવી ને બનાવાયેલ અસંખ્ય પ્રકારના શણગારને જ્યારે ૨૦૦ જેટલાં બહેનો દ્વારા નરનારાયણ નગરના મંદિરમાં નિદર્શન માટે પાથરવામાં આવ્યાં ત્યારે વિશાળ પટાંગણ પણ ટુંકું પડ્યું હતું.

હવે આ બધી જ વસ્તુઓને પ્રદર્શન સ્થળે દસ હજાર કિલો ગોબર સહિત ની વસ્તુઓથી લીંપણ કરેલ ૬૦ હજાર ચો. ફુટ કંતાન ની દિવાલો માં લગાવવામાં આવશે.




પૂ. મહંત સ્વામી આદી વડીલ સંતોની આજ્ઞા અને આ વિભાગ ની મુખ્ય જવાબદારી સંભાળતા શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી તથા ગોપ્રેમી મેઘજીભાઇ હીરાણી સહિતના કાર્યકર્તાઓની દેખરેખ હેઠળ તૈયાર થયેલ ગોબર ક્રાફ્ટ ના અતિ મોટા જથ્થાને તૈયાર કરવા માટે ગાયનું તાજું ગોબર એકત્ર કરવા અને વસ્તુઓ બનાવવા વિના સંકોચે ગામનાં શ્રી નરનારાયણદેવ યુવક અને યુવતી મંડળના અનેક સભ્યોની પણ મહેનત સાથેની સક્રિય ભુમિકા રહેલ છે એવું ગોબર સુશોભન વિભાગ સંભાળતા કાન્તિભાઇ કેરાઇ અને જેન્તિભાઇ વાઘાણીએ જણાવ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

નબળો પડે છે.

o ગાદી કયારાથી છોડને હવા–ભેજ મળે છે. ધોરીયા પધ્ધતિથી પાણી પહોંચતાં પહેલાં શોષાય છે. જરૂરત કરતાં વધુ પાણી આપતાં પાણી કેટલાક અંશે તડકામાં પણ ઉડી જતાં શોષાય છે.

o વધુ પાણીને કારણે ચૂસીયા જેવી જીવાત પાનમાં પાણીનો ભાગ વધતાં તેને બેલેન્સ કરવા કુદરતી રીતે તરત પહોંચી આવે છે.

આમ વધુ પડતું પાણી આપવાથી જીવાતોને નોતરૂં આપવા જેવું છે. પછી તેને મારવા માટે દવાઓની જરૂરત પડતાં મહેનત ખર્ચ વધે છે. પાણી પણ વેડફાય છે.

o ઓછા પાણીએ પાકે તેવાં બીયારણની જાતી(વેરાયટી) પસંદ કરવી જેથી પાણી બચાવી શકાય. પાકમાં મીઠાશ અને સ્વાદ વધે. હાઈબ્રીડ બીયારણમાં પાણી વધુ વપરાય છે.

# ખેતીમાં આયોજન દ્વારા પાણીની બચત

o નિંદામણ અને પાક બન્ને વચ્ચે નિયંત્રણ માટેની પધ્ધતિ અપનાવવી પાક નાનો હોય ત્યારે નિંદામણને આગળ વધવા ન દેવું. પાક મોટો થઈ ગયા પછી નિંદામણ નડતું નથી. તે ભેજ જાળ વીને ઉડી જવા દેતું નથી. બીજ થતાં પહેલાં એવા નિંદામણને કાઢ ી નાખવું જોઈએ. નહીં તો ફરી બીજ જમીનમાં પડતાં તે સતત વધતું જશે.

o કેટલાક પાકો એવા છે કે જે વાવવાથી અમૂક પ્રકારનું નિંદામણ ઉગતું નથી જેથી પાણી બચે છે.

o ભેજને પકડી રાખે તેવું પૂર્ણ કમ્પોસ્ટ થયેલું છાણીયું ખાતર વાપરવાથી પણ પાણી ઓછું વપરાતાં બચત થાય છે.

o પાણી તડકામાં ઉડે છે ત્યારે ક્ષારતો જમીનમાં જ રહી જાય છે.

o નિયમિત વરસાદથી જમીનમાં વર્ષોથી પાણી જમા થતાં પાણીના તળ ઉપર હતાં તે પાણીના વેડફાટથી આજે પાતાળે પાણી પહોંચ્યાં છે ત્યારે પાણી વપરાશ માટે સાચી સમજ કેળવવા માટે દરેક ખેડૂતને જાગૃત રહેવાની ખાસ જરૂર છે.

o આધુનિક વિજ્ઞાનના પગલે કિમતી પાકો માટે હવામાનને નિયંત્રિત કરવા માટે નેટ હાઉસ, ગ્રીન હાઉસ પધ્ધતિ વપરાય છે. ગરમી –તડકાના નિયંત્રણથી પણ પાણીની બચત થાય છે.

o પ્રાકૃતિક આચ્છાદન જેમ હવે પ્લાસ્ટીક ઢાંકીને કરવામાં આવતા વાવેતર પણ પાણી બચત કરવામાં સહયોગી બને છે. સીધા સૂર્યના તાપથી પાણી ન ઉડતાં પાકને વધુ સમય તો ભેજ મળી રહે છે.

o ફળઝાડ પાકોમાં અન્ય કૃષિ પાકો કરતાં પાણી ઓછું વપરાય છે તેમાં ધોરીયા પધ્ધતિ કરતાં ટપક પધ્ધતિથી ઘણું પાણી તથા નિંદામણ ખર્ચ બચાવી શકાય છે.

o કચ્છમાં કેટલાક વિસ્તારોમાં ઝાકળ વધુ પ્રમાણમાં પડે છે. ઝાકળને કચ્છી ભાષામાં 'માક' કહેવાય છે.

જે પરથી આવા વિસ્તારનું નામ પણ 'માકપટ' પડેલ છે. ઝાકળ પાણીને આધુનિક ટેકનિકથી ઝીલીને તેનો પાક ઉગાડવામાં ઉપયોગ કરીને પણ પાણી બચાવી શકાય છે.

o રાસાયણિક ખાતર ઓછાં કે સદંતર બંધ કરી દેવાથી પણ પાણી બચે છે.

o શેઢે દેશી વૃક્ષો, ફળઝાડ, વગેરે વાવીને વરસાદી પાણી ખેતરનું પાણી ખેતરમાં, જમીનમાં ઉતારવું. તળ ઉંચાં આવે માટી ધોવાણ અટકે.

o સજીવ ખેતીથી જમીન ભરભરી, દાણાદાર બનાવતાં વરસાદી પાણીનું એક એક ટીપું બહાર જવા ન દેતાં ખેતર ને જ વોટરશેડ બનાવીએ.

o ફળઝાડમાં ખેત કચરાનું થડ ફરતે આચ્છાદન, ઝીણી રેતીનું આચ્છાદન કરીને પણ ભેજ જાળ વી પાણી બચાવી શકાય છે.

o ખેતી માટેનાં પાટીયાં બહુ પહોળાં ન કરતાં નાના પાટીયાં બનાવવાં.

o ખેત કચરો જે ખેડૂત સળગાવી દઈને પ્રદુષણ કરે છે તેના બદલે તેનું ખાતર બનાવવા ઉપયોગ કરવો તેમજ મલ્ચીંગમાં ઉપયોગમાં લઈ શકાય તેવો હોય તો તેમાં ઉપયોગ કરવાથી પાણી બચે છે.

o બંધારા, આડબંધ, ચેકડેમ, ખેત તલાવડી સિવાય પણ ઉપરોકત રીતે ઘણું પાણી ખેડૂત બચાવી ભવિષ્યના પાક માટે સંગ્રહી જમા રાખી શકે છે.

o ઓછાં પાણી દેશી બીજઃ બીજના સ્ફૂરણ માટે વધુ પાણી જોઈએ પછીના જુદા જુદા તબકકે પાણી ઓછું વધુ આપવાનું જ્ઞાન આપણે મેળવવું જરૂરી છે.

## તા. ૧૨–૧૩– ૧૪ એપ્રિલના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ એપ્રિલ ના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયો નું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯નો સંપર્ક કરવો.

## ઈજન

***સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....***

***– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)***

***શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ***

***ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)***

***મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,***

***નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–***


**સત્વમ**

નેચરલ અને ઓર્ગેનિક

o પંચગવ્ય ઉત્પાદન
o અનાજ
o સિંધવ નમક
o માટીના વાસણ
o કાચી ઘાણીનું તેલ
o બુરો (સાકર)
o દેશી ગોળ
o કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
o ગૌમૂત્ર અર્ક
o ઔષધિઓ
o મસાલા
o ઘર વપરાશની વસ્તુઓ

**ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)**

**સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭**



**વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા**

**(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય**

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

**સોમવાર થી શુક્રવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**

**સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪**

**શ્રી સર્વસેવા સંઘ કાર્યાલય,સંતોષ સોસાયટી, વી.ડી. હાઈસ્કુલની સામે, ભુજ(કચ્છ)**



**"જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત**

ખાતાનું નામ : જયકચ્છ
**JAYKUTCH**
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર :
૩૧૮૩૨૮૫૨૭૯
3183285279
આઈએફએસસી :
**CBIN0280589**
રકમ જમા કરાવ્યા બાદ
મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯
પર જાણ કરવી
(વાર્ષિક લવાજમ ફકત રૂા. ૧૫૦/–)


## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

*આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.*

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૭૧૭૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

## દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈ ત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

# તબીબી વિજ્ઞાન અને આપણું આરોગ્ય

:સંકલન :
**વિદ્યાકાંત માંકડ**

માંદા પડો ત્યારે કુદરતી રીતેજ તમે કોઈ દવાખાને કે ડોકટર પાસે જવાનું વિચારશો. આજકાલ ત્યાંથી સાજા થઈ આવવાને બદલે કોઈ નવી બીમારી લઈને પાછા આવો તો કેવું લાગે? આતો ગુજરાતી કહેવત જેવોજ તાલ થયો, કે ઉલ માંથી ચુલમાં પડયા!

વૈશ્વિકરણનો આ યુગ છે. શીખવા માંગતા, જાતે સાજા થવાનો પ્રયાસ કરતા અને પોતાનો માર્ગ પોતેજ ખોળતા. આપણો અભિગમ હવે બદલાયો છે. આપણને કોઈક શીખવે, કોઈ દોરે, કોઈ સાજા કરે એવું જોઈએ છે. પૈસા હવે બધુંજ મેળવી આપે છે. એટલે સુધી કે માંદા માણસે સાજા થવાનો પ્રયાસ પણ કરવાનો નથી. આ જવાબદારી ડોકટરોની છે, દવાખાનાઓ ની છે. હવે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે સારવાર કરનાર એક ડોકટર કે હોસ્પીટલની પાછળ કંઈ કેટલીય દવા કંપનીઓ, આરોગ્ય વીમા કંપનીઓ, ધીરાણ કરનારી બેંકો, અને અદ્યતન તબીબી યંત્રો બનાવનારી અનેક કંપનીઓ છુપી ભુમિકા ભજવતી હોય છે. તબીબી સંભાળ એક ધમધતો ઉદ્યોગ બની ચુકયો છે.

આ બધાં સ્થાપિત હિતો દર્દીનું લોહી ચુસવા બેઠા હોય ત્યારે બીમાર દર્દી વધારે માંદો પડે એવો ઘાટ હોય છે. તબીબી હસ્તક્ષેપ પીડા, પ્રતિભાવને પાંગળો બનાવે છે. તબીબી છત્રછાયા નીચે વિકસી રહેલો આધુનિક માનવ સમાજ, સ્વાશ્રયી જીવવાની, વિકસવાની, પરસ્પર સંભાળ લેવાની, વૃદ્ધ થવાની અને જીવનનો અંતરંગ પીડા, માંદગીઓ અને મૃત્યુના સાહજિક અનુભવમાંથી આપમેળે પસાર થવાની પોતાની જીવન આવશ્યક સ્વાયતતા ગુમાવી બેઠો છે. તબીબી ઉદ્યોગ સ્વાસ્થ્યનો પ્રહરી બનવાને બદલે ભક્ષક બની ગયો છે.

આપણું સ્વાસ્થ્ય આપણા હાથમાં છે. એની જવાબદારી આપણી છે. ડોકટર, દવા કે કોઈપણ ચિકિત્સા પદ્ધતિની પસંદગી કરતાં પહેલાં જાગૃત વ્યકિતએ દશ વાર વિચારવું જોઈએ, એણે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. દરેક તંદુરસ્ત જીવન શૈલી અપનાવવી જોઈએ.

સ્વાસ્થયમાં રાજયનો હસ્તક્ષેપ ઘણો વધી પડયો છે. માણસે કયારે અને શીરીતે શારીરિક સંબંધ કરવો જોઈએ, કયારે અને કેટલાં બાળકોને જન્મ આપવો જોઈએ, કેવી પરિસ્થિતિમાં જીવવું જોઈએ અને શી રીતે મરવું જોઈએ એ હવે રાજય નક્કી કરી આપે છે.

સામાપક્ષે સામાન્ય વ્યકિત પોતાનાં નિષ્કીય અને અંધશ્રધ્ધાળુ બનીને ડોકટરોના હાથમાં પોતાની જાતને સોંપી દેતા હોય છે.આપણે આપણાં નાણાંનું રોકાણ કરવામાં કેટલા હિસાબ માંડીએ છીએ, આપણાં વાહનો અને મકાનોનું કેટલું જતન કરીએ છીએ, અને કુદરતે આપેલ આપણાં અણમોલ શરીર બાબતમાં જરાપણ દરકાર કરતાં નથી એ શોચનીય છે.

લોકોની બદલાતીજતી જીવન શૈલી અને આહાર પ્રણાલીએ વધારાનો ભય પેદા કર્યો છે. એજ રીતે જાતીય જીવનની સમસ્યાઓ, સ્થુળતા, માનસિક તણાવ, ડાયાબીટીસ, હાઈ બ્લડ પ્રેસર, હૃદય અને રૂધિરાભીષરણ સંબંધી વ્યાધિઓ અને હવે રહી રહીને એઈડઝ ની મહામારીનું પ્રમાણ પણ ભારતમાં ચિંતાજનક રીતે વધી રહ્યું છે.

આજની યુવાપેઢી બર્ગર, પીઝા, આઈસ્ક્રીમ અને મેંદાની ચીજો ખાવાનું વિદેશી ઠંડાપીણાં પીવાનું અને ટેલીવિઝન સામે કલાકો સુધી ચીટકી રહેવાનું શીખી ગઈ છે. જેની અસર તેમના આરોગ્ય પર સીધી પડી રહી છે.

તંદુરસ્તીનું રહસ્ય નિઃશંકપણે વ્યકિતની જીવનશૈલીમાં રહેલું છે. તંદુરસ્ત રહેવા માટે આર્થિક સમૃદ્ધિ, નોકરી કે વ્યવસાયમાં સંતોષ, ધનિષ્ટ કુટુંબ–સંબંધો, ખડખડાટ હસવાની પુરતી તકો, આપત્તિના સમયે કામ આવે તેવા સંબંધો, નિયમિત કસરત, સંતુષ્ટ જાતીય સંબંધ, આહારમાં ફળો –શાકભાજીનો પ્રચુર માત્રામાં સમાવેશ, આનંદદાયક પ્રવૃતિઓ, તનાવ પેદા કરનારી પ્રવૃતિઓથી દુર રહેવું, ઓફિસનું કામ ઘરે ન લાવવું, લાગણીતંત્રની સ્થિરતા, સંતુલિતતા અને કશાનો અતિરેક નહીં, પ્રમાણસર ઉપભોગો, જીવનમાં આનંદ જ આનંદ, આ સઘળી તંદુરસ્તીની જરૂરીયાતો છે. તંદુરસ્ત રહેવાનો એકમાત્ર સરળ અને સફળ મંત્ર છે, ચિંતા ન કરો, આનંદમાં રહો. નિર્ભય બનો...

**(હેલ્થ એકશન સપ્ટે. ૨૦૦૬ ના તંત્રીલેખ તથા ઈન્ડીયાટુડે સપ્ટે. ૧૮ના અંકના લેખમાંથી સંકલિત).**

# પવિત્ર પીપળાની પૂજાનું મહાત્મય

વિવિધ વૃક્ષોની પૂજા કરવી એ આપણી પરંપરા છે. તેમાં પણ કેટલાક વૃક્ષોની પૂજાનું આપણા ધર્મમાં ખાસ્સું મહત્વ છે. આધ્યાત્મિક રીતે પીપળાને સૌથી વધુ પવિત્ર ગણાવ્યો છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'અશ્વત્થ સર્વવૃક્ષાણામ' મતલબ સમગ્ર વૃક્ષોમાં હું પીપળો છું. કહીને તેનો મહિમા આંકી દીધો છે.

પુરાણો મુજબ પીપળ ાના મુળમાં વિષ્ણુ, થડમાં કેશવ, ડાળીઓમાં નારાયણ, પાંદડાંમાં ભગવાન હરિ, અને ફળમાં સમસ્ત દેવતાઓનો વાસ છે. ધર્મશાસ્ત્રો મુજબ પીપળાની પૂજા કરવાથી આયુષ્ય વધે છે. અને તેને પાણી પીવડાવાથી તમામ પાપોમાંથી મુકિત અને સ્વર્ગ મળે છે. પુરાણોમાં પીપળાના ઝાડમાં પિતૃઓનો વાસ હોવાનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

આર્યુવેદ મુજબપીપળા ના પાંદડાં, ફળ, છાલ વગેરે અનેક બિમારીઓમાં અકસીર ઈલાજ છે. તેના ફળ ખાવાથી પેટના દુઃખાવામાં રાહત થાય છે. તો છાલના અંદરના ભાગમાંથી 'દમ'ની દવા બને છે. તેના કોમળ પતાં ચાવીને ખાવાથી અને તેનાં છોડીયાં ઉકાળીને પીવાથી ચામડીના રોગોમાં આરામ મળે છે. પીપળો સતત ચોવીસ કલાક વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ ગ્રહણ કરીને ઓકિસજન આપવાની અજોડ ક્ષમતા ધરાવે છે.

**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

ખાતાનું નામ : જયકચ્છ
JAYKUTCH
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર : ૩૧૮૩૨૮૫૨૭૯
3183285279
આઈએફએસસી :
CBIN0280589
રકમ જમા કરાવ્યા બાદ
મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર
જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

# કચ્છી લોકસાહિત્યના 'કળાયલ મોરલા' દુલેરાય કારાણી

**જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'**

**(ગતાંકનું ચાલુ) ભાગ–૩**

**(ક્રમશઃ)** ગામ ગાથા..

દરેક ગામ પોતાનો આગવો ઈતિહાસ,વિશેષતાઓ ધરાવે છે. ગામનું નામ સમાવિષ્ટ હોય એવી કહેવતો લોકોક્તિઓ અસંખ્ય છે. ગામ વિષે લોક કથાઓ, દંત કથાઓ, લોકોક્તિઓ, કહેવતો.દ્વારા "ગામ નામકરણની ગાથા" લોકમુખે રમતી હોય છે.ચાલો,આ વિશિષ્ઠ સંશોધન કાર્યને "યજ્ઞ કાર્ય" સમજી એમાં આહૂતિ આપવાનો "શિવ –સંકલ્પ" કરીએ. કાળના ગર્ભમાં આવી અમુલ્ય વિગતો લુપ્ત થાય એ પહેલા એને સાચવી લઈએ. અમુલ્ય હસ્તપ્રતો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય–સામગ્રી, જૂની ડાયરીઓની નોંધો,વડીલોની વાતોમાં સચવાઈ રહેલ અમુલ્ય વારસો જાળવી લઈએ. આ યજ્ઞ કાર્યમાં સૌના અવિરત સહકાર અને માર્ગદર્શનની અપેક્ષા છે.

મને વિચાર એ આવે છે કે કચ્છના 'મેઘાણી' કવિ કારાણીજી કેમ વિસ્મૃતિ ગર્તામાં ધકેલાઈ રહ્યા છે ?૧ દર વર્ષે કારાણીજીની જન્મ પૂણ્ય તિથિ ઉજવવાનું કેમ ચૂકી જવાય છે ? કાગબાપાની જેમ, 'કારાણી કથા' કેમ થતી નથી ?

ક્રાંતિવીર શ્યામજીકૃષ્ણવર્મા કાળ ની ગર્તામાં વિલીન થાય એ પહેલાં પ્રજાએ જાગૃતિ દાખવી અને મોદીસાહેબએ અંગત રસ લીધો .તો પ્રયત્નો રંગ લાવ્યા.એ જ રીતે કારાણીજીનીપુણ્ય સ્મૃતિ સચવાય એ માટે આશા રાખીએ કે આવો જ કોઈ ચમત્કાર થાય.

ભાવનગરના પ્રતાપી રાજવી કૃષ્ણકુમારસિહજીને ભારત રત્ન અપાવવા,૬૫૦૦૦ સહીઓ સાથેની સહી ઝૂંબેશ થઇ હતી. કાશ ૧ કચ્છના કારાણીજીને યોગ્ય એવોર્ડ કે 'માનદ ડોક્ટરેટ' ની પદવી અપાવવા આવી 'સહી' ઝૂંબેશ થાય .કોઈના દિલમાં રામ વસે નિયમિત યોજાતી પુસ્તક પરબોમાં કારાણીજીનાં પુસ્તકોનો અભાવ હોય છે જે, મને તો રીતસર ખટકે છે. કચ્છનાં મુખ્ય પુસ્તકાલયોમાં 'કારાણી કોર્નર' હોવું જોઈએ.

કચ્છના મહાન લોક સાહિત્યકાર દુલેરાય કારાણીની જન્મ–પુણ્ય તિથિ તા.૨૬મી ફેબ્રુઆરી પિતૃ ભાષા 'બાબાણી બોલી દિન' કે 'કચ્છી ભાષા દિન' તરીકે ઉજવવા નમ્ર સુચન છે. જેમ કચ્છ માટે કહેવાય છે "ભૂકંપ પહેલાંનુ કચ્છ અને ભૂકંપ પછીનુ કચ્છ" એમ કચ્છી ભાષા માટે કહેવુ જ પડે."કારાણીજી પહેલાની અને કારાણીજી પછીની ભાષા સમૃદ્ધિ"

..કારાણી–મેઘાણી..

પહેલાં 'મેઘાણી'જી જન્મ્યા માટે દુલેરાય કારાણીજીને.કચ્છના 'મેઘાણી'નું બિરુદ મળ્યુ પણ જો દુલેરાય કારાણી એમનાથી પહેલા જન્મ્યા હોત તો કદાચ, મેઘાણીજીને "સૌરાષ્ટ્રના કારાણી"નું બિરુદ મળ્યું હોત ૧ કારાણીજીને ઝનૂનપૂર્વક યાદ કરતાં, કચ્છી 'બાબાણી' બોલીની અસલી તાકાત એમની રચનાઓ થકી કારાણીજીએ સુપેરે દર્શાવી છે.બળુકી 'કચ્છી ભાષા'નું આ છે "શક્તિ–પ્રદર્શન".

"રુક જેડી નક્કર, સક્કર જેડી શીરી વારી,
અક્કડ અનોખી અતિ ગતિ રામ બાણજી
કુછે મે કડક કચ્છી પાણી જે કડાકે વારી,
વિજ જે વરાકે વારી, જોય જિન્ધજાનજી,
તાજી ઘોડો છૂટે, તુટે તોપ જો ગલોલો તેડી,
'કારાણી' ચે, ચોટ કચ્છી વાણી જી કમાનજી.

"મુંજી માતૃભૂમિ કે નમન..'કચ્છનું "રાષ્ટ્રગીત' ગણાય છે તો આ રચનાને કચ્છનુ 'વંદે માતરમ' કહી શકાય.

**વાર્ષિક લવાજમ અંગે સુચના**

<u>૧લી ઓકટો. ૨૦૨૨થી 'જયકચ્છ' નું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/– કરવા માં આવેલ છે.</u> જેની સર્વેએ નોંધ લેવા અને સહકાર આપતા રહેવા અપેક્ષા છે. આભાર.. – **વ્યવસ્થાપક**

**જયકચ્છ કાર્યાલય**
૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે,
છઠ્ઠીબારી, ભુજ.
મોઃ ૯૯૨૫૧ ૭૪૬૯૯,
૯૪૨૬૭ ૮૯૩૯૯
jaykutch1@gmail.com

# પ્રાકૃતિક ખેતીના અન્નને પુષ્ટ બનાવવાનું પર્વ એટલે હોળી

## દિન વિશેષ

હોળી રંગોત્સવ સાથે હર્ષોલ્લાસ નું સર્વોપરી પર્વ છે. સમગ્ર ભારતનો મંગલોત્સવ છે. તેમજ ભારતીયતાનું શીર્ષસ્થ પર્વ છે. વસંતઋતુનો આ યૌવન કાળ છે. કવિઓએ આ પર્વનો ખુબ જ મહિમા ગાયો છે. યુવાન હૈયા આ દિવસોમાં થનગને છે. આ સમય દરમ્યાન વન– વાડી બગીચા સંપુર્ણ સમૃધ્ધિની આભા સાથે ખીલી ઉઠે છે. ઘઉં પાકે છે જેનો નવો પાક ઘરમાં આવે છે. હોળી આપણી પુરાતન વરસીય પરંપરાથી અભિન્ન રૂપથી જોડાયેલ છે.

વાડીઓમાં પાકી ગયેલા લહેરાતા પાકના કણસલા (ડુંડા) ને કાપીને આ અનાજના કણકસલાને સંસ્કૃતમાં "હોલા" કહેવામાં આવે છે. અર્થાત પવિત્ર આ અગ્નિમાં પકવેલા આ અનાજને "હોલક" શબ્દથી ઓળખવામાં આવે છે. દેશમાં ઘણા રાજયોમાં ચણાના ઝીઝરાને પણ હોલા કહે છે. આ રીતે ફાલ્ગુન પુર્ણિમાના આર્ય પુરૂષો જવના ડુંડાને આ હોળીના અગ્નિ હોત્રમાં હોમીને પછી જ ખાવાનો પ્રારંભ કરતા હતા. એટલા માટે પ્રાચીન ગ્રંથોમાં હોળીને "યવા ગ્રથન યજ્ઞ"ના નામથી સંબોધિત કરવામાં આવે છે. ઋગવેદ ના નવાન્ન મહોત્સવમાં સ્પષ્ટ સુત્ર સંકેત મળે છે કે સૌથી પ્રથમ નવા અન્ન ને આ પવિત્ર અગ્નિમાં આહુતિ આપી યજ્ઞ ભગવાન દ્વારા સંસ્કારીત કરીને પછી જ ગ્રહણ કરવાનો ઉચ્ચ આદેશ સમાયેલો છે. આમ હોળી નવી સંવત્સર અને ઋતુ પરિવર્તનની નવરાત્રિની પુર્વ સંધ્યાનો પર્વછે. હોળી નો નૌસર્ગિક સંબંધ ઋતુ પરિવર્તન સાથેજ તો છે જ તેમજ હોલીકા દહનમાં ભગવાન નૃસિંહ પુષ્ટીકરણ અને ભકિત પ્રહલાદના રક્ષણની પુરાણી ધાર્મિક કથા પણ સંબંધિત છે.

હોળી મનાવતા–રમતા શતાબ્દિઓ પસાર થઈ ગઈ આપણે સૌ એ કેટલાય રંગો જોઈ નાખ્યા, કેટલાય ગીતો લલકારી નાખ્યા, કેટલીય ધુનો ગાઈ. હોળીનો પર્વ વૈદિક ઋચાઓ અને સમાગમની મધુર ધ્વનિ સાથે મનાવવાનો પ્રારંભ થયો હતો આવો ઉચ્ચ આદર્શ આની પાછળ બતાવવામાં આવ્યો છે.

આજે હોળીનો પુણ્ય તહેવાર છે. ભગવાન શ્રી કૃષ્ણ આજે ગોપીઓ અને ભકતો સાથે ભાવપુર્વક હોળી મનાવી હતી. જેને યાદ કરવાનો દિવસ છે. પરંતુ આજે તો નથી એમાં પવિત્રતાનો રંગ કે નથી પુરૂષાર્થની ઉમંગ રંગ ખુબજ બદ–રંગીન થઈ ગયો છે. એની છાંટાનાં ભ્રષ્ટાચાર, વ્યભિચાર, બળાત્કાર જેવો ન જાણે કેટલાય દુર્ગણો દુવ્યશનો અને મનના ઘર કરી ગયેલ વિકૃતિઓએ સમાજને ભાંગી નાખ્યો છે.

આવો આજે આપણે હોળીની સાચી મહતાને સમજીને પવિત્રતા, પાત્રતા અને આનંદના રંગોની પીચકારી મારીએ હોળીની અપવિત્ર જવાળાઓમાં આપણા દુર્ગુણો હોમી દઈએ.

# ખેતીમાં આયોજન દ્વારા પાણીની બચત

કચ્છમાં પાણીની સ્થિતિ શાપરૂપ અને આર્શિવાદરૂપ છે. અહીં જો પાણીની યોગ્ય બચત થાય તો ખેતી સફળ બની શકે એમ છે. આવો કચ્છ માટે મહામુલી ખેતીમાં આયોજન દ્વારા પાણીની કઈ રીતે બચત થઈ શકે તેના પર દ્રષ્ટીપાત કરીએ.

૦ વિશ્વના જાણીતા આગાહીકર્તા નોસ્ટાડ્રમે આગાહી કરેલ છે કે આગામી સમયમાં રાષ્ટ્રો વચ્ચે પાણી માટે યુધ્ધ થશે. સિંધુ નદીના પાણી વહેંચણી પ્રશ્ને ભારત–પાક વચ્ચે વિવાદ ચાલે છે એટલું જ નહીં દેશમાં પણ કાવેરી જળ વિવાદ રાજયો–રાજયો વચ્ચે ચાલે છે. પાણીની મહત્તા જલ્દીથી સમજવાનો સમય પાકી ગયો છે.

૦ આમ પ્રજાની જેમ ખેડૂતે પણ પાણી બચાવવા આગળ આવવું પડશે. પાણી એ જ જીવન છે એ ઝડપથી સમજી જઈ તેને બચાવવા આગળ આવવું પડશે. ગ્લોબલ વોર્મિંગ ઋતુ અનિયમિતતાનો ભોગ બન્યું છે. ખેતી વિજ્ઞાન પરિણામો બદલી ગયાં છે. ત્યારે પાણીની મહત્તા સમજીએ કારણકે, પાણીના બગાડમાં સૌથી મોટો હિસ્સો રાસાયણિક ખેતીનો છે. જેથી સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતી તરફ વળવું અત્યંત જરૂરી છે.

૦ દિવસે દિવસે પાણી ઓછું થતું જાય છે. વરસાદ પણ અનિયમિત થઈ ગયો છે જેના લીધે જોખમો વધે છે અને નુકસાન વધે છે. ખેતીમાં પાણીનું આયોજન કરીને પાણી ભવિષ્ય માટે પાણી બચાવવાની તાતી જરૂર છે. પાણીના કુલ્લ વપરાશનો મોટોભાગ ખેતીમાં ૭૮ ટકા વપરાય છે.

૦ છોડને ઉગવા માટે વધુ પાણી પછી વધુ નથી જોઈતું. પણ માત્ર ભેજ જોઈએ છે. એટલે જ ટપક પધ્ધતિ દ્વારા ઓછા પાણીએ સારું ઉત્પાદન સાથે નિંદામણ ખર્ચ બચે છે. ખાતર ઓછું વેડફાય છે. પાણીની મોટી બચત થાય છે. ઉનાળા સિવાય ફૂવારા પધ્ધતિ અપનાવવી.

૦ વિખેડ કાઢવાથી પાક ઝડપથી વધે છે. પાણી બચે છે છોડને હવાની જરૂરત હોય છે જે વિખેડથી મળે છે.

૦ વનસ્પતિ ખેતી કચરાની આચ્છાદન પધ્ધતિથી પાણી ઉડી જતું અટકે છે ભેજ જળવાઈ રહે છે.

૦ રસાયણોથી જમીન કઠણ બને છે તે બંધ કરીને જમીન પોચી કરવા છાણીયું સેન્દ્રીય ખાતર વાપરવું જરૂરી છે. જેથી જમીન પોચી બને છે. પાણી જમીનમાં ઉતરી જતાં પાણી ઉડી જતું અટકે છે અને તેનો પુરતો ઉપયોગ મૂળ વાટે થાય છે.

૦ ખેતીનું વિજ્ઞાન પુરેપુરું જાણી લેવાથી પાણીની જરૂર કયારે છે તે સારી રીતે નકકી કરી સમયાંતરે તેનો ઉપયોગ કરતાં પાણી વેડફાતું અટકે છે પાન બોલે છે.

૦ ઓછા પાણીએ પાકતો પાક જેમાં મીઠાશ અને ગુણવતા વધુ હોય છે જયારે વધુ પાણીએ પાકનાં ઉત્પાદનમાં પાણીનું પ્રમાણ વધુ થતાં મીઠાશ, સ્વાદ, સુગંધમાં

(અનુસંધાન બીજા પાને)

# દૂધ ન આપતી એક ગાયના ગોબરમાંથી મિથેઈન ગેસ બનાવીને દસ હજારની આવક રળી શકાય છે

## એક કીલો મિથેન ગેસમાંથી મારૂતિ કાર ૨૫ કિ.મી. અંતર કાપે છે : ગોરખપુરની ગૌશાળાએ કર્યો અનોખો પ્રયોગ

ભારતવાસીઓ ગાયને માતા સમાન પુજે છે. ગાયના દુધ, ગૌમુત્ર અને ગોબરના નવા નવા ઉપયોગો ઉતરોતર સામે આવી રહયા છે તેના પરથી એ સાબીત થાય છે કે ગાય એ શા માટે પુજનીય છે.

ગોબરમાંથી 'મિથેન' બનાવી બળતણ ના રૂપમાં તેનો ઉપયોગનો પ્રયોગ ગોરખપુરની ગોવિંદ ગૌશાળા માં કરવામાં આવ્યો છે. આ ગૌશાળા માં ગોબર ગેસમાં થી મિથેન અને કાર્બન ડાયોકસાઈડ અલગ કરી મિથેનને સિલીન્ડર માં ભરી શકાય છે. ગોબર ગેસમાં ૬૫ ટકા મિથેન અને ૨૮ ટકા કાર્બન ડાયોકસાઈડ અને બાકી વધે તે હાઈડ્રોજન સલ્ફાઈડ હોય છે. ગોવિંદ ગૌશાળામાં ગોબર ગેસને ખુબજ ઠંડો કરી તેમાંથી મિથેન અલગ કર્યો હતો. બાકી વધેલા કાર્બન ડાયોકસાઈડ જામી જવાથી 'સુકો બરફ' બની ગયો. આ સુકો બરફ રેફ્રિજરેશનમાં કામ આવે છે અને અંદાજે ૫૦ રૂપિયે કિલો વેચાય છે. મિથેનને સિલીન્ડરમાં ભરવામાં આવે છે.

આવી રીતે બનેલ મિથેન ઉપર કુલ ખર્ચ ૫ રૂપિયા પ્રતિ કિ.ગ્રા. આવે છે. આ કિ.ગ્રા. મિથેનમાં એક મારૂતિ કાર ૨૫ કિ.મી. અંતર કાપે છે. એટલે કે એક કિલો મિથેનમાંથી નાની કારને ૨૫ કિ.મી. સુધી હંકારી શકાય છે અને પ્રદુષણ પણ થતું નથી.

એક ગાયના ગોબરમાંથી એક વર્ષના ૧૨૦ કિ.ગ્રા. મિથેન મેળવી શકાય છે. જે ૨૨૫ લીટર પેટ્રોલ જેટલી ઉર્જા આપી શકે છે. અત્યારની પેટ્રોલની કિંમત અનુસાર આ ઉર્જાનું મૂલ્ય લગભગ ૧૦ હજાર રૂપિયા છે. એટલે કે એક ગાયના છાણમાંથી આઠસો રૂપિયા પ્રતિમાસની આવક થઈ શકે છે.

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા બહાર પડયાં છે ઉપયોગી પુસ્તકો

Save Water Save Tree Save Life

લેખન તેમજ સંકલન
મહેશભાઈ પી. સોલંકી
મનોજભાઈ પી. સોલંકી

ગાય આધારિત
ખેતી : એક અનુભવ
આ પુસ્તકમાં આપ શું વાંચશો

- ખેતીમાં પ્રકૃતિની નીજી વ્યવસ્થા - સજીવ ખેતીની વ્યાખ્યા
- ગ્લોબલ વોર્મિંગ સામે રક્ષણ - સર્વશ્રેષ્ઠ ઉદ્યોગ - પ્રોત્સાહન કઈ રીતે આપી શકાય ?
- તાલીમનું મહત્વ - સજીવ ખેતીની વિભાવના

અમારી પાસે ઉપલબ્ધ સી.ડી.
- ચાલો કુદરત ખોળે (પ્રાકૃતિક ગીતો) - વંદે ગૌમાતરમ (ગૌ ગીતો)
એમ.પી ૩ તેમજ ડીવીડી સ્વરૂપે

મેળવવા માટે
અમારો સંપર્ક કરો
શ્રીરામ કૃષ્ણ ટ્રસ્ટ, ભુજ-અંજાર હાઈવે, કુકમા (કચ્છ) તા. ભુજ.
મો. ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.